પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૬૮ | ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨, શનિવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વાવાઝોડુ 'મંડસ'નું ખતરનાક સ્વરૂપ

**આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ વરસશે : વરસાદને કારણે તમિલનાડુના થેની અને કોડાઈકેનાલના સિરુમલાઈ વિસ્તારની શાળાઓમાં રજા જાહેર**



નવી દિલ્હી, તા.૯

સાયક્લોન Mandous હવે ખતરનાક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે અને તેની અસર ઘણા રાજ્યોમાં જોવા મળી રહી છે. તેને જોતા તમિલનાડુના ત્રણ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એલર્ટ પરના જિલ્લાઓમાં ચેંગલપટ્ટુ, વિલ્લુપુરમ અને કાંચીપુરમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આગામી દિવસોમાં સારો વરસાદ થવાની સંભાવના છે. હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટ અનુસાર, આ બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમને કારણે સાયક્લોન Mandous તોફાની બની ગયું છે. વરસાદની અસર તમિલનાડુના તમામ પાંચ સબ ડિવિઝન અને આંધ્ર પ્રદેશ સહિત પુંડુંચેરી અને કરાઈકલ, આંધ્ર પ્રદેશના દરિયાઈ વિસ્તાર, કર્ણાટક, કેરળ અને રાયલસીમા સહિતના કેટલાક રાજ્યોને અસર કરશે. આ સિસ્ટમ આજે દરિયાકાંઠાની નજીક પહોંચી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે તે નબળું પડવાની સંભાવના છે, જો કે આ પહેલા તોફાન ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. તોફાનના કારણે તમિલનાડુમાં વરસાદ ચાલુ રહેશે અને કરાઈકલ, પુંડુંચેરી અને

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલ પ્રદેશમાં ધારાસભ્યોની બેઠક બહાર સમર્થકોની નારેબાજી

**મુખ્યપ્રધાનની પસંદગી માટેની બેઠક બહાર પ્રતિભાસિંહના ટેકેદારોની નારેબાજી : હિમાચલમાં કોંગ્રેસે બહુમતી હાંસલ કરી છે : કોંગ્રેસ સામે મુખ્યમંત્રીનો ચહેરો શોધવો એ પડકારરૂપ**

સિમલા, તા.૯

હિમાચલમાં કોંગ્રેસે ભલે વિધાનસભા જીતી લીધી હોય પરંતુ સીએમ ઉમેદવારની પંસદગી બાબતે દાવેદારોમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. રાજ્યના પ્રભારી રાજીવ શુકલા અને પર્યવેક્ષક ભુપેન્દ્ર હુડ્ડા, છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલે હિમાચલ પ્રદેશના પ્રમુખ પ્રતિભાસિંહ અને અન્ય નેતાઓ સાથે શિમલાની ઓબોરોય સેસિલ હોટલમાં બેઠક કરી. તો ત્યા હોટલની બહાર પ્રતિભાસિંહના સમર્થકોએ જોરદાર બબાલ કરી હલ્લો મચાવી શક્તિ પ્રદર્શન કર્યુ હતુ. બેઠક બાદ હિમાચલ પ્રદેશ કોંગ્રેસના પ્રતિભાસિંહે કહ્યું કે પાર્ટીમાં કોઈ ભેદભાવ નથી અને બધા અમારી સાથે જ છે. અમે સાંજે બેઠક કરીશું ત્યાર બાદ મુખ્યમંત્રીનું નામ નક્કી કરવામાં આવશે. આ બધાની વચ્ચે નવા ચુંટાયેલા ધારાસભ્યોએ શિમલા ખાતે એક બેઠક કરી હતી. કોંગ્રેસે નેતા અને પુર્વ મુખ્યમંત્રી વીરભદ્રસિંહના પુત્રએ કહ્યું કે બેઠકમાં ધારાસભ્યોની સામુહિક ઈચ્છા જાણવામાં આવશે



ત્યાર બાદ જે નિર્ણય થાય તે ઉપર જાણ કરવામાં આવશે. પરંતુ અત્યારે કોંગ્રેસ સામે મુખ્યમંત્રીના ચહેરો શોધવો એ અતિ મહત્વનો પડકાર છે. કે જે પાર્ટીને જોડીને ચાલે. પરંતુ અત્યારે તો પ્રદેશ અધ્યક્ષ

● અનુસંધાન પાન-૭ પર

## લગ્ન પ્રસંગમાં એકસાથે છ ગેસ સિલેન્ડર ફાટ્યા : ૫ના મોત

**૩૫ની હાલત ગંભીર : લગ્ન પ્રસંગ દરમિયાન ખાવાનું બની રહ્યું હતું અને ગામલોકો ભોજન લઈ રહ્યા હતા, આગ લાગતા જ ખાવાનું બનાવતા લોકો ગેસનો ચૂલો છોડીને ભાગવા લાગ્યા**

જોધપુર,તા.૯

જોધપુરમાં માતા કા થાન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ગેસ સિલેન્ડરના આઘાત હવે શાંત થયો નથી ત્યાં વધું એક ગેસ સિલેન્ડરની દુર્ઘટનાથી જિલ્લામાં સોપો પડી ગયો છે. હકીકતમાં જોધપુર જિલ્લાના શેરગઢ વિસ્તારમાં ભુંગરા ગામમાં ગુરુવારે બપોરે લગ્નના એક સમારંભ સ્થળ પર જાન નિકળે તે પહેલા મોટી દુર્ઘટના થઈ ગઈ હતી. જ્યાં લીકેજ બાદ એક પછી એક છ ગેસ સિલેન્ડર ફાટતા ૫ લોકોના મોત થઈ ગયા છે. તો વળી આ દુર્ઘટનામાં ૬૧ લોકો ઘાયલ પણ થયા છે. આ દુર્ઘટનાની ચપેટમાં વરરાજાના પિતા પણ આવી ગયા છે. તો વળી મહિલાઓ અને માસૂમ બાળકો

● અનુસંધાન પાન-૭ પર



## એક માસમાં ઘઉં અને દાળના ભાવમાં ૫%-૪% સુધી વધારો

**સમગ્ર દેશમાં મોંઘવારી ઝડપથી વધી રહી છે : ઘઉંના લોટની કિંમત એક મહિના પહેલા ૩૫.૨૦ રૂપિયાની તુલનામાં ૬% વધીને ૩૭.૪૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ**

નવી દિલ્હી, તા.૯

સમગ્ર દેશમાં મોંઘવારી ઝડપથી વધી રહી છે. આ મોંઘવારી વચ્ચે ખાદ્ય ચીજોના ભાવમાં જોરદાર વધારો જોવા મળ્યો. ચોખા, ઘઉં, લોટ અને દાળ સહિત તમામ સામાનોની કિંમતોમાં ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા એક મહિનામાં રિટેલ બજારમાં ઘઉં અને દાળના ભાવ ૫% અને ૪% સુધી વધી ગયા છે.

એક વર્ષ પહેલા ઘઉંના ભાવ ૨૮.૧૯ રૂપિયા પ્રતિ કિલો હતા પરંતુ આ વર્ષે આના ભાવ વધતા ગયા. કેન્દ્રીય ખાદ્ય અને ઉપભોક્તા મામલે મંત્રી પીયૂષ ગોયલે ગુરૂવારે એક પ્રશ્નના લેખિત જવાબમાં કહ્યુ, દેશમાં ઘઉં અને દાળ જેવી જરૂરી વસ્તુઓની સરેરાશ રિટેલ કિંમતોમાં તાજેતરના મહિનાઓમાં કોઈ ઝડપી અને સતત વૃદ્ધિ થઈ નથી. ૬ ડિસેમ્બરે ઘઉંની સરેરાશ રિટેલ ભાવ એક મહિના પહેલાના ૩૦.૫૦ રૂપિયાની તુલનામાં ૩૧.૯૦ રૂપિયા કિલો થઈ ગયા.

ઘઉંની કિંમતોમાં વધારો થાય એટલે તેની અસર લોટની કિંમતો પર પણ થાય છે. લોટની કિંમત એક મહિના પહેલા ૩૫.૨૦ રૂપિયાની તુલનામાં ૬% વધીને ૩૭.૪૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

દાળની કિંમતમાં પણ ગયા એક મહિનામાં ૨%નો વધારો થયો છે. એક મહિના પહેલા ચણા દાળનો સરેરાશ ભાવ ૧૧૦.૯૦ રૂપિયા પ્રતિ કિલો હતો તો ૬ ડિસેમ્બરથી આ ૧૧૨.૮૦ રૂપિયા પ્રતિ કિલો ભાવે વેચાઈ રહી છે. બીજી તરફ અડદ દાળની કિંમતોમાં પણ જોરદાર ઉછાળો આવ્યો છે.

લગભગ એક વર્ષ પહેલા અડદની દાળનો ભાવ ૧૦૩.૮ રૂપિયા પ્રતિ કિલો હતો. પરંતુ આજના સમયમાં આનો ભાવ ૧૧૨.૭૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. એક મહિના પહેલા ચોખાનો ભાવ ૩૮.૧૨ રૂપિયા પ્રતિ કિલો હતો પરંતુ આજે આની કિંમત ૩૮.૩૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

## મોદી મેજિકની વિશ્વભરના મીડિયાએ ભારે પ્રશંસા કરી

**મોદીના પ્રભાવશાળી નેતૃત્વના કારણે સફળતા મળી : બ્રિટિશ મીડિયાએ તેને વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે મોટી રાહત ગણાવી**

નવી દિલ્હી, તા.૯


મોટાભાગના અહેવાલો અને વિશ્લેષણો અનુસાર, મોદીના પ્રભાવશાળી નેતૃત્વના કારણે ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી છે. તેમના નેતૃત્વના કરિશ્માને ડીકોડ કરીને, એવું માનવામાં આવે છે કે વિકાસ અને હિન્દુત્વની છબીનું મિશ્રણ તેમની પ્રભાવશાળી છબીનો પાયો છે. ભાજપની જીતે ભારતમાં મોદીના વર્ચસ્વને મજબૂત બનાવ્યું.

બ્રિટિશ મીડિયાએ તેને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદી માટે મોટી રાહત ગણાવી છે. આવો અભૂતપૂર્વ જનસમર્થન, ખાસ કરીને વધતી મોંઘવારી અને બેરોજગારી વચ્ચે, વિકાસ અને હિંદુત્વના ચમત્કારિક નેતૃત્વનું પરિણામ માનવામાં આવે છે. કતારના મીડિયાએ લખ્યું છે કે પીએમ મોદીની હિન્દુ રાષ્ટ્રવાદી પાર્ટી ભારતના પશ્ચિમી રાજ્ય ગુજરાત પર નિયંત્રણ જાળવી રાખે છે.

## હવે યુએસએ ગ્રીન કાર્ડ માટે રાહ નહીં જોવી પડી

વોશિંગ્ટન, તા.૯

વ્હાઈટ હાઉસે ગ્રીન કાર્ડ ક્વોટા સમાપ્ત કરવાના બિલ પર સંસદમાં સમર્થન આપ્યું છે. જો અમેરિકા આ દેશનો ક્વોટા હટાવે તો ભારતીયો સહિત હજારો ઈમિગ્રન્ટ્સને ત્યાંની નાગરિકતા મળી શકે તેમ છે.



**● દશનામ ગોસ્વામી બેસણું ●**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ગજેન્દ્રવન નાથુવન ગોસાઈ
(નિવૃત પ્રિન્સીપાલ એમ.એન.કોલેજ, વિસનગર)
તા.૦૯-૧૨-૨૦૨૨ ને શુક્રવાર ના રોજ કૈલાસવાસી થયેલ છે.
સદ્દગતનું બેસણું : તા.૧૧-૧૨-૨૦૨૨ ને રવિવારના રોજ
સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કોમન પ્લોટ, સીમંધર બંગ્લોઝ, પ્રતિક મોલની પાછળ, કુડાસણ, ગાંધીનગર.**

પાર્થ ગજેન્દ્રવન ગોસ્વામી (મો.૯૭૨૫૦ ૨૩૯૦૧) | સ્વ.મિહીર ગજેન્દ્રવન ગોસ્વામી
ગં.સ્વ.ભગવતીબેન ગજેન્દ્રવન ગોસ્વામી | વિપુલા ગજેન્દ્રવન ગોસ્વામી

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે**




લગ્ન પ્રસંગ ● રિસેપ્શન
બર્થ-ડે પાર્ટી ● મીટીંગ
સીઝનલ સેલ ● પ્રાર્થના સભા
તથા ડીલક્સ - સ્પેશીયલ રૂમ
તા. ૧-૧-૨૦૨૩થી આપની
સેવામાં
બ્રહ્મભવનનું સંચાલન સંભાળીશું.
કુમકુમ
કેટરર્સ એન્ડ મંડપ ડેકોરેશન
સ્વામિ સચ્ચિદાનંદ બ્રહ્મભવન
સોમનાથ મહાદેવની બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
મોબાઈલ : ૯૮૯૮૨૮૧૦૩૨

જાહેર આભાર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રાંતિજ વિધાનસભા બેઠક પરથી જંગી બહુમથીથી વિજયી બનાવનાર સર્વે મતદાતા ભાઈ-બહેનો, યુવાનો, વડીલો તેમજ રાત-દિવસ ખડેપગે રહી ચૂંટણી પ્રચારમાં સાથ-સહકાર આપનાર સૌ આગેવાનો, તાલુકા અને શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, તમામ મોરચાના હોદ્દેદારશ્રીઓ તથા સર્વે કાર્યકર્તા મિત્રોનો હું સહૃદય આભાર વ્યક્ત કરૂં છું..



- ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર
ધારાસભ્યશ્રી, પ્રાંતિજ-તલોદ મતવિસ્તાર



આપણી ઐતિહાસિક લીડ સાથે ભવ્ય વિજય થવા બદલ હાર્દિક શુભકામનાઓ.
આપણી સામાજિક અને સેવાકિય પ્રવૃત્તિને વેગ મળે તથા આપણી ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી હાર્દિક શુભકામના...



શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ
ધારાસભ્યશ્રી,
૩૬, ગાંધીનગર - ઉત્તર



શ્રી અલ્પેશજી ખોડાજી ઠાકોર
ધારાસભ્યશ્રી,
૩૫, ગાંધીનગર - દક્ષિણ

: શુભેચ્છક :

મેહુલ પટેલ | રમેશ પટેલ

કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2015 CERTIFIED COMPANY
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

: ઓફિસ :
૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલી પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર મો. ૯૬૩૮૧ ૮૩૮૩૮
capitaloffsetgujarat@gmail.com

: રજીસ્ટર્ડ ઓફિસ :
પ્લોટ નં. એલ-૮૦૧/૧, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. મો.૯૮૨૫૦ ૩૮૩૭૮
www.capitaloffset.in